।। णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ।।
।। आयओ गुरुबहुमाणो ।।

# ગેરન્ટી

ડેફિનેટલી મોક્ષ
સદ્ગુરુપ્રસાદ - સાધનાવિશ્વના નવ દ્વાર-ગર્ભિત
પંન્યાસ-પદ-ભાવાર્થ

## પ્રિયમ્

અહો શ્રુતમ્
**શા. બાબુલાલજી સરેમલજી**
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી, સાબરમતી,
અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com
આસો (૨), વિ. ૨૦૭૬

# ❖ ગેરન્ટી ❖

## પંન્યાસ પદ - ભાવાર્થ

## સદ્‌ગુરુપ્રસાદ-સાધનાવિશ્વના નવ દ્વાર

પંન્યાસ પદવીનો આગમિક અનુવાદ
થાય છે - સર્વશ્રુત અનુજ્ઞા.

**संपुण्णवीसइवरिसो**
**अणुवाई सव्वसुत्तस्स ।**

આગમિક મર્યાદા મુજબ ૩ વર્ષના પર્યાયવાળા મહાત્માને આચારપ્રકલ્પ સૂત્ર ભણવાની અનુજ્ઞા આપવામાં આવે છે... તેમ ૪..૫..૬ વગેરે વર્ષનો પર્યાય થાય, ત્યારે તે તે સૂત્રની અનુજ્ઞા આપવામાં આવે છે. એમ યાવત્ ૧૯ વર્ષના પર્યાયે દૃષ્ટિવાદની અનુજ્ઞા અપાય છે. અને ૨૦ વર્ષના પર્યાયે સર્વ શ્રુતની અનુજ્ઞા અપાય છે. આ સર્વ શ્રુતની અનુજ્ઞા એનું જ નામ પંન્યાસપદવી.

આ એક દ્વાર છે. તમારી દૃષ્ટિએ એ બહાર નીકળવાનું દ્વાર છે. ચાલો, ૨૦ વર્ષ ભણવા-ગણવાનું કર્યું, ખૂણામાં બેઠાં, કોઈને જાણ્યા નહીં, તમને કોઈએ જાણ્યા નહીં, હવે તમે બહાર નીકળો, હવે તમે લાઈટમાં આવો, હવે તમે બાહ્ય પ્રવૃત્તિઓ કરો, હવે તમારો સાધનાકાળ પૂરો થયો, હવે તમારો પ્રભાવનાકાળ શરૂ થયો, હવે અંતમુર્ખતાને બાય બાય, હવે ખૂણાને તિલાંજલિ, હવે ભણવાનું પૂરું, હવે ફક્ત પાટ ગજાવો... હવે ફક્ત લોકોને પમાડો... આ તમારી દૃષ્ટિ છે.

**આગમિક દૃષ્ટિએ પણ આ જ છે તો એક દ્વાર જ, પણ બહાર નીકળવાનું દ્વાર નથી, અંદર જવાનું દ્વાર છે. 'સર્વ શ્રુતની અનુજ્ઞા' મળ્યા પછી ભણવાનું મુકી દેવાનું હોય ? કે વિશેષ પુરુષાર્થથી ભણવાનું હોય ? અંતર્મુખતા ઘટાડવાની હોય કે વધારવાની હોય ? પંન્યાસપદ લાઈટમાં આવવા માટે નથી હોતું.**

**અંદરની લાઈટ પામવા માટે હોય છે. અત્યાર સુધી તમે અંદર હતા, પણ અંદર જવાની પણ એક મર્યાદા હતી. અંદરની દુનિયાના અમુક દ્વારો બંધ હતા. આ પદ દ્વારા–સર્વ શ્રુત અનુજ્ઞા દ્વારા અમે તે દ્વારો પણ ખોલી દીધા છે. હવે તમે વધુ અંદર જવાનો અધિકાર પામ્યો. પધારો અંદર. અંદરનો ઓર ઝળહળતો પ્રકાશ તમારું સ્વાગત કરી રહ્યો છે.**

સર્વશ્રુતઅનુજ્ઞા સદ્ગુરુ જે ઉદ્ગારોથી આપે છે એની અંદર ૯ પ્રકારના પ્રસાદ સમાયેલા છે. ને એમના દ્વારા ૯ પ્રકારના દ્વારો ખુલી જાય છે.

**(૧) પ્રસન્નતા પ્રસાદ :**

સદ્ગુરુનો પહેલો ઉદ્ગાર છે –

**अणुन्नायं अणुन्नायं ।**

‘હું તમને સર્વશ્રુતની અનુજ્ઞા આપું છું.’ આટલું એક વાર કહો તો કામ પતી જાય છે. પણ સદ્ગુરુ

બે વાર કહે છે. **हर्षे वीप्सा** ડબલ વાર કહેવાનો પ્રસ્તુતમાં અર્થ છે હર્ષ... આનંદ... પ્રસન્નતા.

**तम्हा अणाबाहसुहाभिकंखी**
**गुरुप्पसायाभिमुहो रमिज्जा ।।**
**- दशवैकालिक आगम ।।**

*અવ્યાબાધ સુખની તમને ઝંખના છે.*
*તો તમે ગુરુપ્રસાદને તમારુ લક્ષ્ય બનાવી દો.*

સદ્‌ગુરુની પ્રસન્નતા એ સાધનાવિશ્વનું પહેલું દ્વાર છે.

**(૨) પર્યુપાસના પ્રસાદ :**

સદ્‌ગુરુનો બીજો ઉદ્‌ગાર છે -

**खमासमणाणं हत्थेण ।**

હું ક્ષમાશ્રમણનોના હસ્તે-પૂર્વાચાર્યોના વતી આ અનુજ્ઞા આપું છું. સદ્‌ગુરુના સદ્‌ગુરુત્વનો આધાર એમનું સત્શિષ્યત્વ હોય છે. યાદ આવે ચન્દ્રાવેધ્યક આગમ -

**सीसस्स हुंति सीसा ण हुंति सीसा असीसस्स ।**
*શિષ્યના શિષ્યો થાય છે. અશિષ્યના શિષ્યો થતા નથી.*

સદ્ગુરુની આ સંવેદના છે - અનુજ્ઞા આપનારો હું કોણ ? હું સદ્ગુરુ નથી, હું નિશ્રાદાતા કે અનુજ્ઞાદાતા પણ નથી. હું તો ફક્ત પૂર્વાચાર્યોનો પ્રતિનિધિ છું... સદ્ગુરુ જેટલા વધુ નીચા નમે છે એટલી જ એમની પૂર્વાચાર્યો-ગુરુજનો પ્રત્યેની પર્યુપાસના વધુ ઊંચી બને છે. તમે સદ્ગુરુની પર્યુપાસના કરજો. આ પ્રસાદી સદ્ગુરુ જીવંત ઉદાહરણથી આપે છે, ને એ પણ પોતાના જ. સદ્ગુરુની પર્યુપાસના એ સાધનાવિશ્વનું બીજું દ્વાર છે.

**(૩) પ્રકાશપ્રસાદ :**

સદ્ગુરુનો ત્રીજો હૃદયોદ્ગાર છે - **सुत्तेणं.**

- સર્વશ્રુતની અનુજ્ઞામાં તમને સૂત્રની અનુજ્ઞા આપવામાં આવે છે. સૂત્ર એટલે પ્રકાશ. એ પ્રકાશને તમે પામજો અને અંદરના અંધારા ઉલેચજો. પુષ્પમાલામાં મલધારી શ્રી હેમચન્દ્રસૂરિજી કહે છે -

**सुई जहा ससुत्ता ण णस्सइ कयवरम्मि पडिया वि ।**
**जीवो वि तह ससुत्तो ण णस्सइ गओ वि संसारे ।।**

**સૂત્રનો એક અર્થ છે દોરો. જેમ દોરાવાળી સોય ઉકરડામાં પડી જાય તો ય ખોવાતી નથી, બરાબર એ જ રીતે સસૂત્ર જીવ કદાચ સંસારયાત્રાએ ચડી જાય, તો ય એ ખોવાઈ જતો નથી. એનું જલ્દી ઉત્થાન થાય છે.**

સૂત્ર-પ્રકાશ એ સાધનાવિશ્વનું ત્રીજું દ્વાર છે.

**(૪) પ્રેક્ષા પ્રસાદ :**

સદ્‌ગુરુનો ચોથો ઉદ્‌ગાર છે - **अत्थेणं.**

તમને અર્થની અનુજ્ઞા આપવામાં આવે છે. સૂત્ર એ લંબાઈ છે, અર્થ એ પહોળાઈ છે ને અર્થના આધારે થતી અનુપ્રેક્ષા એ ઊંડાઈ છે. સૂત્ર મૂક છે, અર્થ એ અભિવ્યક્તિ છે, અનુપ્રેક્ષા એ ઉઘડેલું અસ્તિત્વ છે. તમે માત્ર સૂત્રમાં જ અટકી ન જતા. તમે અર્થ અને અનુપ્રેક્ષા સુધી પણ પહોંચજો. યાદ આવે દશવૈકાલિકસૂત્ર-

**सुत्तस्स मग्गेण चरेज्ज भिक्खू**

**सुत्तस्स अत्थो जह आणवेइ ।**

*શ્રમણ !*

*તું હંમેશા સૂત્રના માર્ગે ચાલજે*

*અર્થ એ સૂત્રનો માર્ગ છે.*

*જેમ અર્થ કહે*

*એવં તું કરજે.*

*'અર્થ' એ સાધનાવિશ્વનું ચોથું દ્વાર છે.*

**(૫) પરિકર્મપ્રસાદ :**

સદ્ગુરુનો પાંચમો ઉદ્ગાર છે - **तदुभएणं ।**

સૂત્ર અને અર્થનો તમે એટલો દૃઢ અભ્યાસ કરજો કે તમારું મન એનાથી પરિકર્મિત થઈ જાય. સૂત્રાર્થ તમને અત્યંત આત્મસાત્ થઈ જાય. સૂત્ર સાથે અનાયાસે અર્થ ઉપસ્થિતિમાં આવે અને અર્થ સાથે અનાયાસે સૂત્ર સ્મૃતિમાં આવી જાય, એટલી હદે તમે એને અસ્થિમજ્જા કરજો.

**(૬) પાત્રતા પ્રસાદ :**

સદ્‌ગુરુનો છટ્ઠો ઉદ્‌ગાર છે –

**सम्मं धारिज्जाहि ।**

તમે આ સમસ્ત શ્રુતને સમ્યક્ રીતે ધારણ કરજો. સદ્‌ગુરુ આ ઉદ્‌ગાર દ્વારા પાત્રતાનો ઉપહાર ધરે છે. ખરી વસ્તુ એ જ નથી કે ખરી વસ્તુ કોઈ આપી દે, ખરી વસ્તુ એ પણ નથી કે ખરી વસ્તુ આપણે મેળવી લઈએ, ખરી વસ્તુ મેળવ્યા પછી આપણે પાત્રતાની પરાકાષ્ઠા સાથે એને ધારણ કરી શકીએ, એ ખરી વસ્તુ છે.

શ્રુતે તો મને કહી દીધું **आयाणुरक्खी चरमप्पमत्तो** – પણ જો હજી જો મારી આત્મદૃષ્ટિ નથી ઉઘડી, હજી શરીરની આળ-પંપાળ છે, હજી જો પ્રમાદ છે, તો મેં શ્રુતનું સમ્યક્‌ધારણ કર્યું જ નથી. આગમમાં ત્રણ પ્રકારના મેધાવી બતાવ્યા છે.

**(૧) ગ્રહણ મેધાવી** – જેમનો ગ્રાસ્પિંગ પાવર સારો હોય.

**(૨) ધારણામેઘાવી** - જેમની યાદશક્તિ સારી હોય.
**(૩) મર્યાદા મેઘાવી** - જેમનો અમલ સારો હોય.

બીજા શબ્દોમાં કહીએ તો ગ્રહણમેધાવીની શ્રુત લેવામાં માસ્ટરી હોય, ધારણામેધાવીની શ્રુત સાચવવામાં માસ્ટરી હોય અને મર્યાદામેધાવીની શ્રુતનું આચરણ કરવામાં માસ્ટરી હોય.

**સદ્ગુરુ કહેવા માંગે છે, તમે ફક્ત શ્રુતને લેવામાં અને સાચવવામાં જ માસ્ટર નહીં બનતા, તમે શ્રુતનું આચરણ કરવામાં પણ માસ્ટર બનજો. सम्मं धारिज्जाहि - પાત્રતાની ખરી પારાશીશી આ છે. આચરણ વગરનું જ્ઞાન એ કલંક છે.** યાદ આવે પૂ. હરિભદ્રસૂરિ મહારાજા.

**पुत्रदारादिसंसारः, पुंसां सम्मूढचेतसाम् ।**
**विदुषां शास्त्रसंसारः सद्योगवर्जितात्मनाम् ।।**
**- योगबिन्दु ।।**

*મોહાધીન જીવોને પુત્ર-પત્ની વગેરેનો સંસાર હોય છે.*

*સદ્-આચરણ રહિત વિદ્વાનોને*
*શાસ્ત્રોનો સંસાર હોય છે.*

સાધનાનું છટ્ઠું દ્વાર છે પાત્રતાપ્રસાદ. જેને સદગુરુ આ ઉદ્ગાર દ્વારા ઉઘાડી આપે છે.

**(૭) પ્રભાવના પ્રસાદ :**

સદ્ગુરુનો સાતમો ઉદ્ગાર છે -

**अन्नेसिं च पवेज्जाहि**

તમે બીજા પણ પાત્ર જીવોને આ શ્રુત આપજો. આ ઉદ્ગાર દ્વારા સદ્ગુરુ પ્રભાવનાપ્રસાદ કરે છે.

**માર્ક કરવા જેવો શબ્દ છે - च - બીજાને ય આપજો. એટલે તમે ખુદ તો એનાથી વંચિત નહીં જ રહેતા. પ્રભાવનાપ્રસાદ - નો અર્થ બહાર આવવું એ નથી. એનો અર્થ છે અંદર રહીને બહાર આવવું, બહાર આવીને ય અંદર જ રહેવું, અંદર હોવું, બહાર દેખાવું,**

**પાટ પર આવવા છતાં ખૂણામાં હોવું, દશ્ય દેખાતું હોવા છતાં દષ્ટાને જોવો. બોલવા સાથે મૌન હોવું, ભીડ વચ્ચે એકાન્ત હોવું, વંદન થતા હોવા છતાં વંદનીયત્વનો અહેસાસ ન હોવો, ભક્તો હોવા છતાં ભક્તિની કમી ન હોવી, મારું પૂજન થઈ રહ્યું છે એવી સભાનતા ન હોવી. હાજર હોવા સાથે ગેરહાજર હોવું, સભા માટે ખુદ દશ્યમાન હોવા છતાં ખુદ માટે સભા અદશ્ય હોવી...આનું નામ પ્રભાવનાપ્રસાદ.**

પ્રભાવના અને ભાવના આ બંને જુદા નથી. જે ભાવના વગરની હોય તે પ્રભાવના નથી. જેમાં પ્રકૃષ્ટ ભાવના હોય એ ખરી પ્રભાવના છે.

**भावना मोक्षदा स्वस्य स्वान्ययोश्च प्रभावना ।**
**प्रकारतोऽधिका युक्तं भावनातः प्रभावना ।।**

*ભાવના પોતાને મોક્ષ આપે છે.*
*પ્રભાવના પોતાને અને બીજાને મોક્ષ આપે છે.*

આ રીતે 'પ્ર' દ્વારા ભાવનાથી પ્રભાવનાને અધિક દર્શાવી તે ઉચિત જ છે.

પ્રભાવનામાંથી ભાવના નીકળી જાય તો ફક્ત 'પ્ર' રહે છે, પ્રભાવના નથી રહેતી.

**જેમાં મૌન વધુ ઘેરું બને છે એનું નામ પ્રવચન. જેમાં બોધ વધુ પ્રગાઢ બને છે એનું નામ પ્રતિબોધ. જેમાં ઉપયોગ વધુ શુદ્ધ થાય છે એનું નામ ઉપદેશ. જેમાં કૃતિત્વનો અહં ચકચૂર થઈ જાય એનું નામ ઉપકૃતિ. જ્યાં એકાન્તનું એકછત્રી સામ્રાજ્ય પ્રસરેલું હોય તેનું નામ પ્રભાવકતા.**

જે તૂટી શકે છે એ તાત્ત્વિક અંતર્મુખતા જ નથી. જે છૂટી શકે છે એ તાત્ત્વિક મૌન જ નથી. જ્યાંથી ઉઠી શકાય છે એ તાત્ત્વિક ખૂણો જ નથી. જે બહાર લાવી શકે એ સાચું શ્રુત જ નથી. ભૌતિક દૃષ્ટિએ સાધક બહાર આવે એ શક્ય છે. ભીતરી દૃષ્ટિએ પણ સાધક

બહાર આવી જાય, એ શક્ય જ નથી.

યાદ આવે આગમ -

**अबहिल्लेसे परिव्वए**

*તું બહાર નીકળે એ હજી કદાચ ચાલશે,*
*પણ તારી લેશ્યા બહાર નીકળે*
*એ હરગીઝ નહીં ચાલે.*

આનું નામ પ્રભાવનાપ્રસાદ. જે સાધનાવિશ્વનું સાતમું દ્વાર ખોલી દે છે.

**(૮) પરિણતિ પ્રસાદ :**

સદ્ગુરુનો આઠમો ઉદ્ગાર છે -

**गुरुगुणेहिं वुड्ढिज्जाहि**

તમે મહાન ગુણોથી વૃદ્ધિ પામો. સાધનાના સાતે દ્વાર ખુલી જાય એનું તાત્ત્વિક ફળ આ છે. ગુણપરિણતિ. બધું જ એના માટે છે, એ નથી તો બધું જ વ્યર્થ છે.

યાદ આવે દશવૈકાલિક સૂત્ર -

**गुणेहिं साहू अगुणेहिऽसाहू**
**गेण्हाहिं साहू गुणमुंचऽसाहू ।**

ગુણોથી સાધુ બનાય છે.
અવગુણોથી અસાધુ બનાય છે.
ગુણોનું ગ્રહણ કરવાથી સાધુ બનાય છે
અને ગુણોને છોડી દેવાથી અસાધુ બનાય છે.

પરિણતિ વગરનું પદ એ વરરાજા વગરની જાન છે. પરિણતિ વગરનું શ્રુત એ નફા વગરનો ધંધો છે. પરિણતિ વગરની સાધના એ વાંઝણી ગાયોનો તબેલો છે. જેનો કોઈ અર્થ જ નથી.

પરિણતિપ્રસાદ એ સદ્ગુરુની સર્વોત્કૃષ્ટ કૃપા છે. સદ્ગુરુ અને શિષ્યનો સમસ્ત સંબંધ, સમસ્ત દીક્ષા, સમસ્ત શ્રુત, સમસ્તસાધના, સમસ્ત યોગોદ્વહન અને

પદપ્રદાનનું સમસ્ત વિધાન - બધું જ આના માટે છે.. **પરિણતિપ્રસાદ.**

**(૯) પારગમન પ્રસાદ :**

સદ્ગુરુનો નવમો ઉદ્ગાર છે -

**णित्थारग पारगा होह.**

તમે ભવસાગરનો નિસ્તાર પામો - પારગામી બનો.

પરિણતિપ્રસાદ મળી જાય એટલે પારગમન મળવાનું જ છે. મોક્ષ એ સદ્ગુરુની પ્રસાદી હોય છે. યાદ આવે પુષ્પમાલા -

**तो सेविज्ज गुरुं चिय मुक्खत्थी**
**मोक्खकारणं पढमं ।**

*તેથી મોક્ષાર્થીએ સદ્ગુરુની જ ઉપાસના કરવી જોઈએ. કારણ કે એ જ મોક્ષનું પહેલું કારણ છે.*

યાદ આવે ગુરુતત્ત્વવિનિશ્ચય -

**गुरुआणाए मोक्खो**

મોક્ષનું ફક્ત એક જ માધ્યમ છે – ગુર્વાજ્ઞા.

સદ્ગુરુના આ નવ ઉદ્ગારોના ઉત્તરરૂપે શિષ્ય એક જ ઉદ્ગાર કહે છે – **इच्छामो अणुसट्ठिं** હું આપની અનુશાસ્તિને ઈચ્છું છું. સદ્ગુરુ મળ્યા... સદ્ગુરુના નવ પ્રસાદોની અનરાધાર ધારા મળી... હવે બીજી કોઈ જ ઈચ્છા કરવા જેવી નથી. શિષ્યત્વનું હાર્દ આ એક જ ઈચ્છા છે. શિષ્યત્વનું સ્વરૂપ પણ આ એક જ ઈચ્છા છે. આ ઈચ્છા જાય એટલે શિષ્યત્વ પણ જતું રહે છે, પ્રસાદ પણ જતા રહે છે. અને સાધના પણ જતી રહે છે.

**સદ્ગુરુએ બારે ખાંગે કૃપા વરસાવી છે, ને શિષ્ય સાડા ત્રણ કરોડ રુંવાડેથી બોલે છે – ‘‘ગુરુદેવ ! બસ, આપ મને કહેતા રહેજો. સદ્ગુરુનો પ્રસાદ... શિષ્યની પાત્રતા... મોક્ષની ૧૦૦ ટકા લેખિત ગેરંટી... આથી વધુ જોઈએ પણ શું ? આથી વધુ હોઈ પણ શું શકે ?**

✳

# *The Divine Depth*

## (સિદ્ધાંતદિવાકર પૂ. જયઘોષસૂરિજી સ્મૃતિ)

થોડા વર્ષો પૂર્વેની ઘટના

મુંબઈ–મુલુંડમાં અમે પૂજ્યશ્રીને ભેગા થયા

એ દિવસે ચૌદશ હતી.

પૂજ્યશ્રી કે ગુરુદેવશ્રી સંઘ સાથે પ્રતિક્રમણ ન'તા કરવાના,

બંનેનું સ્વાસ્થ્ય અનુકૂળ ન હતું.

ગુરુદેવશ્રીએ પૂજ્યશ્રીને પૂછ્યું,

'આપણે પ્રતિક્રમણ સાથે કરશું ને ?'

પૂજ્યશ્રીએ તરત જ ના પાડી.

ગુરુદેવશ્રીને આશ્ચર્ય થયું.

નીચે તો જવાનું નથી

હવે અહીં સાહેબ અલગ કરે... હું અલગ કરું...

કેમ આવું કહ્યું હશે...

**वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि ।**
**लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ।।**
વજ્રથી પણ કઠોર અને ફૂલોથી પણ કોમળ
એવા લોકોત્તર મહાપુરુષોના મનને
કોણ જાણી શકે ?
યાદ આવે પરમ પાવન શ્રી પંચસૂત્ર
**तहा पसंतगंभीरासया**
'શ્રમણ' એટલે પ્રશાંત અને ગંભીર આશયના ધારક
ગુરુદેવશ્રી વિચાર કરતા હતા
ત્યાં પૂજ્યશ્રીએ ખુલાસો કર્યો.
"આપણે પ્રતિક્રમણ સાથે કરીએ
તો હું વચ્ચે બેસું, તમે સાઈડમાં આવો,
મને ટેકો મળે, તમને ન મળે,
તમને કષ્ટ પડે,
માટે પ્રતિક્રમણ સાથે નથી કરવું."

આપણા જેવા જેટલી સહજતાથી
પોતાનો વિચાર કરી શકે,
એટલી સહજતાથી પૂજ્યશ્રી બીજાનો વિચાર કરતા,
કદાચ આ પૂજ્યશ્રીની મૂળભૂત વિશેષતા હતી.
ક્ષુદ્ર વિચારોના આ વિશ્વમાં
પૂજ્યશ્રી પ્રથમ ક્રમાંકના વિસ્મય હતા.
'પરાર્થવ્યસની' શબ્દ
પૂજ્યશ્રી માટે ઓછો પડતો હોય એવું લાગે,
પૂજ્યશ્રી 'પરાર્થપ્રકૃતિ' હતા,
કોઈ પણ બાબતમાં અતિશયોક્તિ ન કરવી
એવો ગુરુદેવશ્રીનો સ્વભાવ છે.
ગુરુદેવશ્રીના શબ્દો છે.
''સાહેબ તીર્થંકરનો જીવ છે.''
ફક્ત ગુરુદેવશ્રીને જ નહીં
પ્રાયઃ આપણને સહુને પૂજ્યશ્રીની પરાર્થપ્રકૃતિનો

વ્યક્તિગત અનુભવ થયો છે.
પૂજ્યશ્રી આખી જિંદગી આપણને કંઈ ને કંઈ
આપતા જ રહ્યા.
દૂર બેઠા બેઠા ય દ્રવ્ય ને ભાવ કાળજી લેતા રહ્યાં.
આપણે પૂજ્યશ્રીને શું આપીશું ?
એમના આદર્શો ખાતર
આપણા દોષોને દેશવટો આપી શકીશું ?
એમની સંયમસંવેદનાને સ્પર્શી શકીશું ?
એમની સંઘભાવનાને અનુરૂપ જીવન જીવી શકીશું ?
એમની અંતર્મુખતાની લાગણીને સમજી શકીશું ?
પૂજ્યશ્રીના મહોત્સવો થયા, પ્રતિષ્ઠા ય થશે,
પણ આપણા માટે ખરો મહોત્સવ અને ખરી પ્રતિષ્ઠા
એ જ હશે જ્યારે આપણે આવું કંઈક કરી શકીશું.
એ અશબ્દ ગુણાનુવાદ
બધા જ શાબ્દિક ગુણાનુવાદોને ઓળંગી જશે.

## ❋ અનુમોદના વારંવાર ❋

તાજી ઘટના.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં

પૂજ્ય સાધ્વીજી ભગવંત.

વર્ષોથી એ અને એમના હિસાબે આખું ગ્રુપ

ઘણી તકલીફોનો સામનો કરતું હતું.

અઠવાડિયામાં બે વાર ડાયાલિસિસ...

કિડની ફેઈલ.

છેવટે કિડની બદલવાનું ઓપરેશન..

ગિરધરનગર જૈન સંઘના યુવાનો

ખડે પગે સેવામાં

એક યુવાનના ઘરેથી ત્રણ ટાઈમનું ટિફિન જાય..

વારાફરતી યુવાનો હાજર ને હાજર...

રાતના બે વાગ્યાથી સવારના નવ સુધી ઓપરેશન...

યુવાનો ખસ્યા નથી.

લોહીના ૮ બાટલા આપવાના હતા.
સંઘના ગ્રુપમાં મેસેજ છોડ્યો.
સાધ્વીજી ભગવંત માટે પોતાનું લોહી આપવાની પડાપડી...
ના પાડવી પડી... 'બસ, હવે જરૂર નથી.'
દિવાળીના દિવસોમાં
સારા-સુખી ઘરના યુવાનો પોતાના
આનંદ-પ્રમોદને છોડીને
શાસનસંવેદના અને સંયમીસેવાથી
છલકી રહ્યા હોય
એ સકળ શ્રીસંઘની છાતી ગજ ગજ ફુલે
એવી ઘટના છે.
અદ્‌ભુત એવા જિનશાસનને
વંદન વંદન વંદન.

✻

# BOOKS FOR THE JAINS

| | | |
|---|---|---|
| ૧. | **Journey જિનશાસન** | – શાસનયાત્રા |
| ૨. | **પર્યુષણ-૧** | – પ્રવચનધારા (હસ્તલિખિત) |
| ૩. | **આરાધનાયાત્રા** | – પંચવસ્તુક-વાચના (હસ્તલિખિત) |
| ૪. | **Management : પાર્શ્વ** | – લાઈફ સિક્રેટ્સ |
| ૫. | **પ્રવાહ** | – વિવિધ લેખો |
| ૬-૧૦. | **ઉપમિતિ ભવ પ્રપંચ કથા** | – પ્રવચનધારા ભાગ ૧૨ થી ૧૬ (હસ્તલિખિત) |
| ૧૧. | **પેરન્ટીંગ-સર્જરી** | – પ્રવચનધારા (હસ્તલિખિત) |
| ૧૨. | **ધ્યાનયાત્રા** | – પ્રવચનધારા (હસ્તલિખિત) |

Book link - bit.ly/priyambooks

આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.